# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**
" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તાઃ ૨૯/૧૨/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## સ્પાર્કલ–૨૦૦૯ એ બ્રાન્ડ સુરતની દિશામાં પહેલુ પગલુ છે.

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આયોજીત જેમ એન્ડ જવેલરી પ્રદર્શન 'સ્પાર્કલ–૨૦૦૯' નો સમાપન સમારોહ શહેરના મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના મુખ્યમહેમાન પદે પંડીત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે યોજાયો હતો. કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખ શ્રી નિલેશભાઈ માંડલેવાળાએ મેયરશ્રીનું સ્વાગત કર્યુ હતુ અને કહયું હતું કે સ્પાર્કલ–૨૦૦૯ એ એક સ્વપ્ન હતુ જે આજે સાકાર થયુ છે. દર વર્ષે સ્પાર્કલ યોજી શકાય તેનુ આ પહેલુ પગથીયુ આજે પુરૂ થયુ છે. ચેમ્બરનુ કામ ટ્રેડ અને ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહન પુરૂ પાડવાનુ છે એટલે ડાયમંડ ઈન્ડસ્ટ્રી જેમ અને જવેલરી ક્ષેત્રે પ્રવેશે ત્યારે તેને પ્રોત્સાહન પુરૂ પાડવાનો આ પ્રયાસ સફળ થયો છે. સ્ટોલ ધારોકોને તેમની ધારણાથી વધુ પ્રતિસાદ મળ્યો છે અને એમના ચેહરાપરનું સ્મિત એ સ્પાર્કલની સફળતાનું સર્ટીફીકેટ છે. સ્પાર્કલની પરંપરા આગળ વધારી ચેમ્બર રાજયના ઉત્થાનમાં પોતાનુ યોગદાન આપશે. સ્પાર્કલમાં ૫૦૦ રૂપિયા થી લઈને ૧ કરોડ રૂપિયા સુધીની જવેલરીનુ વેચાણ થયુ છે અને સ્ટોલ ધારોકોને બે થી ત્રણ માસ ચાલે એટલા ઓર્ડર પણ મળ્યા છે. જે સ્પાર્કલની સફળતા સુચવે છે. સ્પાર્કલનું આયોજન દર વર્ષે ડીસેમ્બરમાં થશે તો ગ્રાહકો પણ દુબઈના શોપીગ ફેસ્ટીવલની જેમ સુરતના સ્પાર્કલની રાહ જોતા થશે અને લગ્ન પ્રસંગ માટેની ખરીદી સ્પાર્કલમાં અવનવી ડીઝાઈનો નિહાળ્યા પછીજ કરે એવી સ્થિતી સર્જાય તે માટેનું પ્લેટફોર્મ ચેમ્બર સ્પાર્કલના આયોજનથી તૈયાર કરી રહયું છે.

..૨/

સમારંભના મુખ્ય મહેમાન મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળાએ કહયું હતું કે, જેમ એન્ડ જવેલરી ક્ષેત્રે પ્રવેશવામાં સુરત કદાચ મોડુ પડયુ હોય એવુ લાગે પરંતુ બેટર લેટ ધેન નેવર ના ન્યાયે અને સુરતની તાસીર જોતા એવુ લાગે છે કે સુરત આ ક્ષેત્રમાં ટોંચ સુધી પહોચશેજ. જવેલરી મેન્યુફેકચુરીંગ એ કોઈ ઔદ્યોગિક ઉત્પાદન નથી એમાં કલ્પના અને વાસ્તવિકતાનો સમન્વય હોય છે. કટ, કલર, કલેરીટી અને કેરેટ નું સંયોજન હોય છે. સુરત સ્પાકલ ધ્વારા વિશ્વમાં પોતાની ઓળખ ઉભી કરશે અને જો દર વર્ષે ડીસેમ્બરમાં ચોકકસ સમયે એનુ આયોજન થતુ રહેશે તો સ્પાર્કલ એ સુરતની બ્રાન્ડ બની રહેશે.

સ્પાર્કલ–૨૦૦૯ માં ભાગ લેનારા એકઝીબીટર્સ પૈકી કેટલાકે સ્પાર્કલ વિશેના પ્રતિભાવો આપ્યા હતા જેમા કાંતીલાલ બ્રધર્સના શ્રી તુષારભાઈ ચોકસીએ કહયું હતુ કે, સ્પાર્કલનું આયોજન એટલુ સુંદર હતુ કે અમને કોઈજ તકલીફ પડી નથી. સુરત માટે હવે સ્પાર્કલ પણ બ્રાન્ડ બનશે એમાં શંકાને સ્થાન નથી કેમ કે હવે એકઝીબીટર પણ જાગૃત થઈ ગયો છે. પ્રદર્શન માટે સ્પેશ્યલ ડીઝાઈન્સ તૈયાર કે છે. દુકાન કે શો–રૂમમાં હોય એ માલ અહી હોતો નથી. શ્વાશ્વત જવેલ્સના શ્રી પિયુષ સંઘાણીએ કહયુ હતુ કે, સ્પાર્કલના મુલાકાતીઓમાં મોટાભાગે ખરીદનારાઓ જોવા મળ્યા હતા પરંતુ એન.આર.આઈ. ગ્રાહકોની સંખ્યા વધારવા ઈન્ટરનેશનલ માર્કેટિંગ કરવુ જરૂરી લાગે છે. ડાયમ જવેલના શ્રી રોહિતભાઈએ કહયુ હતુ કે, પ્રદર્શનની સફળતા અમારા ચેહરા પરના સ્મિતમાં દેખાઈ આવે તેવુ આયોજન હતુ તે બદલ ચેમ્બરના પ્રમુખ તથા તેમની ટીમ અભિનંદનની અધિકારી છે.

સ્પાર્કલની સફળતા અને સંતોષકારક આયોજનનો ઉલ્લેખ બધાએ કર્યો હતો અને સ્પાર્કલને દર વર્ષે યોજવામાં સહકાર આપવાની તૈયારી પણ બધાએ દર્શાવી હતી. સ્પાર્કલ–૨૦૦૯ માં ભાગ લેનાર પ્રદર્શકોને મુખ્ય મહેમાન શ્રી રણજીત ગીલીટવાળાના વરદહસ્તે સ્મૃતીભેટ અર્પણ કરવામાં આવી હતી તેમજ સ્પાર્કલ–૨૦૦૯ દરમ્યાન વોલીએન્ટર તરીકે સેવા આપનાર આઈ.ડી.આઈ.ના વિદ્યાર્થીઓને પણ સર્ફીફીકેટ ઓફ એપ્રિંસીએશન આપી પ્રોત્સાહીત કરાયા હતા.

માનદમંત્રી શ્રી હેતલભાઈ મહેતાએ આભારવિધી કરી હતી.